INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧-૧૦-૨૦૨૪**

- **સાચી સમાનતા અને ન્યાય માટે રાજકારણમાં વધુ મહિલાઓની જરૂર છે.**
- **એક વર્ષ પહેલાં, કોંગ્રેસ પક્ષે રાજકારણમાં મહિલાઓના અવાજને વધારવાના મિશન સાથે 'ઈન્દિરા ફેલોશિપ' શરૂ કરી હતી. આજે, આ પહેલ મહિલા નેતૃત્વ માટે એક શક્તિશાળી ચળવળરૂપે વિકસી છે.**

ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની પહેલ, 'શક્તિ અભિયાન', શાસનના તમામ સ્તરે 'મહિલાઓના પ્રતિનિધિત્વ' દ્વારા, રાજકારણ અને નિર્ણયો લેવાની સત્તામાં 'મહિલાઓના હિતો' માટે સમાન જગ્યા બનાવવાનાં હેતુ સાથે આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતા મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી સોનલબેન પટેલ, પૂર્વ સાંસદ અને સી.ઈ.સી.ના સભ્ય ડૉ. અમીબેન યાજ્ઞિક અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતિ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની પહેલ, 'શક્તિ અભિયાન', મહિલાઓ માટે શાસનના તમામ સ્તરો જેવા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભાઓ અને સંસદમાં સમાન જગ્યા બનાવવાનો હેતુ ધરાવે છે. ઈન્દિરા ફેલોશિપ શક્તિ અભિયાનનું એક અભિન્ન અંગ છે જે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સન્માનમાં રાજકીય ક્ષેત્રે મહિલાઓના અવાજને વધુ મજબુત કરવા અને આપણા સમાજમાં ખૂબ જ જરૂરી પરિવર્તન લાવવાની પહેલ છે.

"એક વર્ષ પહેલાં, કોંગ્રેસ પક્ષે રાજકારણમાં મહિલાઓના અવાજને વધારવાના મિશન સાથે 'ઈન્દિરા ફેલોશિપ' શરૂ કરી હતી. આજે, આ પહેલ મહિલા નેતૃત્વ માટે એક શક્તિશાળી ચળવળરૂપે વિકસી છે."

એક વર્ષના ટૂંકા ગાળામાં, 350 થી વધુ ફેલોએ 28 રાજ્યો અને 300 તાલુકાઓમાં આશ્ચર્યજનક 31,000 સભ્યો સાથે 4,300 શક્તિ કલબની સ્થાપના કરી છે; જે શક્તિ અભિયાનની સ્થાપના અને સંચાલન માટે નોડલ બિંદુ તરીકે સેવા આપી રહી છે. 'આધી આબાદી, પૂરા હક' આ હેતુમાં અમારી અતૂટ પ્રતિબદ્ધતા છે. ઈન્દિરા ફેલોશિપ પ્રોગ્રામ 'હિંસા અને નફરતની' રાજનીતીને નકારી મહીલાઓના સાથ દ્વારા પ્રેમ અને ભાઈચારાની રાજનીતી લાવશે.

દેશમાં પંચાયતી રાજ સહિતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં મહિલા ભાગીદારી માટે અમુલ પરિવર્તન કરીને 33 ટકા મહિલાઓને અનામત આપીને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી. દેશમાં ઐતિહાસીક નિર્ણય લઈને લોકતંત્રને મજબુતી આપનાર તત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી સ્પષ્ટરૂપે માનતા હતા કે મહિલાઓ રાજનીતિમાં નૈતિકતાની તાકાત લઈને આવશે. જે આજે સરપંચ થી સંસદ સુધી મહિલા જન પ્રતિનિધિઓ જુદા જુદા તબક્કે યોગદાન આપી રહ્યાં છે તેવું એ.આઈ.સી.સી. ઈન્દિરા ફેલોશિપ કાર્યક્રમના રાષ્ટ્રિય સંયોજકશ્રી રજનીકાંત કડે જણાવ્યું હતું.

કોંગ્રેસ પક્ષ એવી તમામ મહિલાઓને વિનંતી કરે છે કે જેઓ સમાજ અને રાજનીતિમાં વાસ્તવિક પરિવર્તન લાવવા માંગે છે તેઓ શક્તિ અભિયાનમાં જોડાય અને મહિલા-કેન્દ્રિત રાજકારણમાં સક્રિય રૂપે સહભાગી બને. શક્તિ અભિયાનમાં સામેલ થવાથી, તમે મજબૂત પાયાના સંગઠનો બનાવવા અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવામાં યોગદાન આપશો.

શક્તિ અભિયાન સાથે જોડાવા માટે https://www.shaktiabhiyan.in પર નોંધણી કરો અને 8860712345 પર મીસ્ડ કોલ કરો.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા